

# પ્રકરણ ૧૪
# રાજુનું ખેતર

હું રાજુ છું. મારા પિતા ખેડૂત છે. અમે ગુજરાતના ઇડર તાલુકાના વસાઈ ગામમાં રહીએ છીએ. ઑક્ટોબર મહિનો ચાલી રહ્યો છે. દરેક વર્ષની જેમ, મારા પિતાજી ડુંગળીના પાક માટે ખેતર તૈયાર કરી રહ્યા છે. આ સમયે ખેતરમાં ઘણાં બધાં કામ કરવાનાં હોય છે. પિતાજીને મદદ કરવા હું પણ ખેતરે જાઉં છું. છેલ્લાં થોડા દિવસોથી પિતાજી કોદાળી વડે જમીન ખોદી રહ્યા છે, જેથી ખેતર નરમ અને પોચું બને.



### શોધી કાઢો :

- રાજુના વિસ્તારમાં જમીનને નરમ બનાવવા કોદાળી નામના સાધનનો ઉપયોગ થાય છે. આ પ્રકારના સાધનને તમારા વિસ્તારમાં શું કહેવાય છે ? તે તમારી નોટબુકમાં દોરો અને ચર્ચા કરો.

**શિક્ષક માટે :** આ પાઠ ડુંગળીના પાકના વાવેતર વિશે વાત કરે છે. તમે બાળકોને તેમના વિસ્તારમાં ઊગતા પાકની રીત સમજાવવા આ ઉદાહરણ આપી પ્રોત્સાહિત કરી શકો છો.

## બીજની વાવણી

આ વર્ષે પણ મારા પિતા ખેતરમાં ડુંગળીનાં બીજ વાવશે. બળદો હળ ખેંચશે અને પિતાજી હળ પાછળ ચાલીને ચાસમાં બીજ નાંખશે. મારે પણ પિતાજીની જેમ કામ કરવું છે.



પરંતુ પિતાજી કહે છે કે ચોક્કસ અંતરે પૂરતા પ્રમાણમાં બીજ નાંખવા ખૂબ જ જરૂરી છે. આ કામ સરળ નથી. તે કહે છે કે હું એક જગ્યાએ ઘણાં બધાં બીજ નાંખી દઈશ. એટલે હું મોટો થાઉં ત્યાં સુધી મારે રાહ જોવી પડશે.

- ખેતર ખેડવા પ્રાણીઓ સિવાય બીજી કઈ રીતોનો ઉપયોગ થાય છે ? ચર્ચા કરો.



## અંકુર દેખાશે

બીજને વાવ્યાંને વીસ દિવસ થઈ ગયા. ડુંગળીના બીજ અંકુરિત થવાના ચાલુ થઈ ગયા છે. ડુંગળીના છોડની સાથે સાથે નીંદણ પણ ઊગ્યું છે. નીંદણ ખેતરોમાં અને બગીચાઓમાં વાવ્યા વગર

ઊગી નીકળે છે. ખેતીના પાકમાં નીંદણ દૂર કરવામાં ન આવે તો પાક સારો થતો નથી. મમ્મી, કાકા અને હું પિતાજીને આ માટે મદદ કરીએ છીએ.

## ઊગેલા છોડ

ડુંગળીના પાકને જોઈને મને આનંદ થાય છે. તે મારા ઘૂંટણ જેટલા ઊંચાં થઈ ગયા છે. પાંદડા પીળાં થઈ ગયાં છે અને સૂકાં થઈ ગયાં છે એનો મતલબ ડુંગળીનો પાક તૈયાર થઈ ગયો છે. તેને લણવો પડશે.



- તમે ખેતરમાં જોયેલા કોઈપણ પાકને દોરો.

### તમને ખબર છે કેમ ?

ઘરનાં દરેકે ડુંગળીના પાકને લણવા મદદ કરવી પડશે. તે સમયસર થવું ખૂબ જ જરૂરી છે. જો અમે વિલંબ કરશું, તો ડુંગળીનો પાક જમીનમાં જ સડી જશે અને અમારી બધી મહેનત નકામી જશે.



- રાજુ પિતાને ખેતરમાં મદદ કરે છે. શું તમે ઘરનાં વડીલોને તેમના કામમાં મદદ કરો છો ? તમે કયા કામમાં મદદ કરો છો ?

- તમને કામ કરવાની મજા આવી ?

---

## ડુંગળીનો પાક




ઘરમાં બધાં ખુશ છે. આ વખતે ડુંગળી મોટી અને સારી છે. મમ્મી અને કાકી ડુંગળીની સુકાયેલી ડાળી કાપવા ઈલ્લીજ (એક પ્રકારનું દાતરડું)નો ઉપયોગ કરે છે. ઈલ્લીજ ખૂબ જ ધારદાર હોય છે અને કાપતી વખતે તમારે આંગળીઓ કપાય નહિ તેનું ધ્યાન રાખવું પડે છે. પિતાજી અને કાકા ડુંગળીના કોથળાઓ ભરે છે. પિતાજી તે ટ્રકમાં ભરી મંડી કે મોટા બજારમાં વેચવા લઈ જશે.

### તમારી નોટબુકમાં ઉત્તર લખો.


- રાજુએ તેના પિતાને કયા કયા કામમાં મદદ કરી ?
- તમારા ઘરની નજીક કોઈ ખેતર છે ? તેમાં શું ઉગાડવામાં આવે છે ?

- રાજુના પિતા ડુંગળી ટ્રકમાં ભરી બજાર લઈ જાય છે. જો રસ્તા બરાબર ન હોય તો, ફળો અને શાકભાજી એક જગ્યાએથી બીજી જગ્યાએ કેવી રીતે લઈ જવાય છે ? વિચારો.
- ફળો અને શાકભાજી લઈ જવા માટે કેવા પ્રકારના વાહનોનો ઉપયોગ થાય છે ? તમારી નોટબુકમાં તેમાંના એક વાહનનું ચિત્ર દોરો.



## શોધી કાઢો અને લખો :

- રાજુના ખેતરમાં વપરાયેલા થોડાં સાધનોના ચિત્રો અહીં આપ્યાં છે. આ સાધનોના નામ લખો. તેને તમારા વિસ્તારમાં શું કહેવાય છે ? તેનો ઉપયોગ શું છે તે પણ લખો.



નામ (આ પાઠમાં) ______


તમારા વિસ્તારમાં નામ ______


ઉપયોગ ______

નામ (આ પાઠમાં) ______

તમારા વિસ્તારમાં નામ ______

ઉપયોગ ______





નામ (આ પાઠમાં) ______

તમારા વિસ્તારમાં નામ ______

ઉપયોગ ______

- પાક ઊગાડવા માટે ઘણાં બધાં કામો કરવાની જરૂર પડે છે. ચિત્રો જુઓ અને તેમને સાચા ક્રમ આપો.









- તમારા વિસ્તારમાં કયા કયા પાક લેવામાં આવે છે ? તે લખો.

- તમારા વિસ્તારમાં થતા કોઈ એક પાક માટે કેવાં કેવાં કામ કરવા પડે તેની ચર્ચા કરો અને વિગત નોટબુકમાં લખો.